# Bi 121-OLD TESTAMENT

## પાઠ : ૨૮   કોરાહનો વિદ્રોહ (ગણના અધ્યાય ૧૬-૧૭)

શું કોઈ એવો રસ્તો છે કે જેનાથી ચોકકસ પણે જાણી શકાય કે દેવે કોઈ વ્યકિતને સેવા કરવા માટે બોલાવેલો છે તેમજ અલગ કરેલો છે. સામાન્યતઃ લોકોને એવું લાગે છે કે, તેઓ દેવની સેવાને માટે વપરાઈ શકે તેવા યાગ્ય નથી. કેટલીક વાર મનુષ્યની ઈચ્છા શકિત કે અભિમાન તેને તેવુ માનવા પ્રેરે છે. આજનાં આ ઉદાહરણ દ્વારા તમે સમજી શકશો કે, દેવે સાબિત કર્યુ છે કે, તેઓ લોકોનાં દ્વારા કાર્ય કરે છે. તેઓ પોતે જ લોકોમાં તથા તેઓની વર્તણુકમાં બદલાણ લાવે છે. અને તેઓ જે સેવા કાર્ય કરે છે ત ઈશ્વર તરફથી આપવામાં આવેલું છે તે સ્પષ્ટ પણે સાબિત થાય છે.

જયારે ઈસ્રાએલીઓ અરણ્યમાં પાછા ગયા ત્યારે મુસા તથા હારૂનની વિરૂધ્ધમાં અભિમાન કરતા તથા તેઓનું અપમાન કરતા લોકોનો એક સમુહ અસ્તિત્વમાં આવ્યો. તેનો નેતા કોરાહ નામની વ્યકિત હતો જે લેવી કુળનો હતો. તેની સાથે ૨૫૦ અન્ય નેતાઓ જોડાયેલા હતા. અને તેઓએ મુસાની વિરુધ્ધ ફરીયાદ કરી કે, "તું તથા હારૂન અમારા પર પોતાને અધિકારી કેમ મનાવો છો ? સમગ્ર ઈસ્રાએલ પ્રજા પવિત્ર છે અને દેવ તેઓની સાથે છે. તો પણ તમે તમારી જાતને આ મંડળીનાં નેતા તરીકે કેમ ગણો છો ? "

મુસાએ નમ્ર બનીને કોરહન જવાબ આપ્યો કાલે સવારે દેવ બતાવશે કે, "કોણ તેનાં છે અને કોણ પવિત્ર છે. તમે લેવીઓ દેવથી ઘણા દૂર ગયા છો. શું એ પુરતુ નથી કે તમને દેવે યહોવાનાં મંડપની સેવા કરવા તથા સમગ્ર પ્રજાની આગેવાની કરતા અન્ય ઈસ્રાએલીઓથી જુદા પાડયા છે." હવે તમે યાજક પદ મેળવવા પણ પ્રયત્ન કરો છો. તમે અને તમારા સાથીઓ એ સાથે મળીને ઈશ્વરની વિરૂધ્ધ આ બાબત કરી છે. આવતી કાલે સવારે આપણામાંનો પ્રત્યેક દેવની સમક્ષ ધૂપપાત્ર લઈને તેમાં અગ્નિ નાંખો ને કાલે ઈશ્વર સમક્ષ આપણે તેમાં ધૂપ નાંખીએ. જે માણસને દેવ પસંદ કરે તે પવિત્ર ઠરે અને લોકોને દોરે. મુસાએ અલિઆબનાં દિકરા દાથાન તથા અબિરામને બોલાવ્યા અને તેઓએ કહયું, અમે ત્યાં નહિ આવીએ. તું અમને અરણ્યમાં મારી નાખવા સારુ દુધ-મધની રેલમછેલવાળા દેશમાંથી અહિ લાવ્યો છે એ કંઈ થોડુ છે કે વળી તું અમારી પર સરદારી કરે છે ? તદઉપરાંત તું અમને દેવનાં વચનના પ્રદેશમાં લાવ્યો નથી. શું તું આ માણસની આંખો આંધળી કરશે ? અમે ત્યાં આવનાર નથી. તેઓનાં વિચારોને વ્યકત કરતા તેઓએ મિસરની ગુલામી અને બંધનોને દુધ અને મધવાળી જગ્યા સાથે સરખાવ્યા અને નહિ કે કનાન દેશને. આથી મુસા ક્રોધિત થયો. મુસાએ તેઓ માટે વિનંતી કરતા કહયું હે દેવ, તમે તેઓનું અર્પણ માન્ય કરશો નહિ. મેં તેઓ પાસેથી એક ગધેડું પણ લીધુ નથી અથવા કોઈને મેં હેરાન કર્યા નથી. બીજે દિવસે મુસા, હારૂન અને બીજા ૨૫૦

માણસો ધૂપપાત્ર, અગ્નિ તથા ધૂપ લઈને મુલાકાત મંડપનાં દ્વાર પાસે ઉભા રહયા અને દેવનો મહિમા સમગ્ર મંડળી પર દેખાયો. અને દેવે મુસા તથા હારૂનને કહયું, "તમે આ લોકોથી દૂર જાઓ કે જેથી એક પળમાં તેઓનો નાશ કરું" પણ મુસા તથા હારૂને દંડવત પ્રણામ કરતા દેવને વિનંતી કરી કે હે ઈશ્વર, એક માણસનાં પાપને લીધે શું તું દરેક ઉપર કોપાયમાન થશે. દેવે કહયું કે, લોકોને કહો કે તેઓ કોરાહ, દાથાન તથા અબિરામ પાસેથી દૂર જાય.તેઓની કોઈપણ વસ્તુને સ્પર્શ ન કરો. નહિતર તેઓનાં પાપને કારણે તમારો પણ નાશ થશે.

આથી દરેક વ્યકિત તેઓથી દૂર ગયા. વિદ્રોહ કરનાર સરદારો પોતાની પત્નીઓ તથા બાળકો સાથે બહાર આવીને તંબુનાં બારણા પાસે ઉભા રહયા ત્યારે મુસાએ ઈસ્રાએલનાં લોકોને કહયું, "આ દ્વારા તમે જાણશો કે, દેવે મન તમારે સારુ આ કાર્ય કરવા મોકલ્યો છે. આ વિચાર મારો નથી. જો આ માણસો વૃધ્ધ થાય અને સામાન્ય મૃત્યુથી મરે તો જાણજો કે દેવે મને મોકલ્યો નથી. પણ જો પૃથ્વી પોતાનું મોં ખોલે અને તેઓને તથા તેઓનાં સર્વસ્વને ગળી જાય અને જીવતા જ તેઓ પૃથ્વીમાં સમાય તો તેથી જ તમે જાણશો કે, તેઓએ આપણા દેવની વિરૂધ્ધ પાપ કર્યુ છે." જવું તેણે બોલવાનું પુરુ કર્યુ ક, પૃથ્વીએ પોતાનું મોં ફાડયુ અને તે સરદારો તેઓનાં કુટુંબ અને તેઓની માલમત્તા સાથે તેઓની ગળી ગઈ. અને ફરી પાછી પૃથ્વી ઢંકાઈ ગઈ. લોકોએ ભયથી પોકાર કર્યો અને પાછા હટયા. કેમકે તેઓએ વિચાર્યુ કે તેઓ પણ ભક્ષ થઈ પડશે. દેવનો અગ્નિ આકાશમાંથી ઉતર્યો અને જે ૨૫૦ માણસો ધૂપ ચડાવતા હતા તેઓને ભષ્મ કર્યા જેઓ ધૂપ તથા અગ્નિ દેવોને ચડાવવા માંગતા હતા તેઓ પોત જ દેવનાં અગ્નિનાં ભોગ થઈ પડયાં.

અને દેવ યહોવાએ મુસાને કહયું, "હારૂનનાં દિકરા એલઆઝારને કહે કે તે બળતામાંથી ધૂપપાત્રોને લઈ લે ને તું અગ્નિને વિખેરી નાંખ કેમકે તે શુધ્ધ છે. તું ધૂપપાત્રોને લે, ને તેમને ટીપીંને વેદીને ઢાંકવા સારુ પતરા બનાવ.કેમકે તેઓ દેવને અર્પણ કરવામાં આવ્યા હતા તેથી તેઓ પવિત્ર છે. તેઓ ઈસ્રાએલી પુત્રોને માટે સ્મરણરૂપ થાય કે હારૂનના સંતાનનો વ્યકિત દેવ સમક્ષ ધૂપ ચડાવશે.

આમ થયા પછી પણ લોકોએ મુસા તથા હારૂનની વિરૂધ્ધ કચકચ કરીને કહયું કે, "તેં દેવનાં લોકોને મારી નાખ્યા છે." અને સમગ્ર સભા મુસાની વિરૂધ્ધમાં થઈ અને મુલાકાત મંડપ પાસે આવી. ત્યારે દેવનું ગૌરવ મંડપ પર આચ્છાદિત થયુ અને દેવે મુસાને કહયું ઈસ્રાએલની સભામાંથી તું નિકળી આવ કે જેથી તત્કાલ હું તેઓનો નાશ કરું. મુસા તથા હારૂન દેવ પાસે નમ્યા અને મુસાએ હારૂનને કહયું, "તારુ ધૂપપાત્ર લે અને તેમાં ધૂપ નાંખ અને તેમાં અગ્નિ રાખ અને ઉતાવળથી ઈસ્રાએલની સભાનાં પાપને સારુ તું પ્રાયશ્ચિત કર કેમકે દેવ તરફથી તેઓ પર કોપ ઉતરેલો છે અને દેવ તેઓને આપત્તિથી મારશે. મુસાએ જેમ કહયું તેમ હારૂને

કર્યુ અને તે લોકો મધ્યે દોડી ગયો. મરકી શરૂ થઈ ચુકી હતી. અને હારૂન તેમને સારુ પાયશ્ચિત કરતો હતો. તે" જીવતા અને મરેલાની વચમાં ઉભો રહયો. તેઓનાં વિદ્રોહને કારણે તો પણ તે દિવસે ૧૪૭૦૦ લોકો મર્યા. અને મરકી બંધ થઈ.

યાજક પદનાં પ્રશ્નને સુલજાવવા દેવે મુસાને કહયું, દરેક કુળોમાંથી તેઓનાં સરદારોને એક ચાલવાની લાકડી લઈ ને આવવાનું કહે દરેક છડી પર તે વ્યકિતનું નામ હોય. લેવીનાં કુળની છડી પર તું હારૂનનું નામ લખ. દરેક છડીને સાથે લઈને તેમને કરાર કોષ પાસે મુલાકાત મંડપમાં મુક. જે વ્યકિતનું નામ હું પસંદ કરુ તે વ્યકિતની છડીને કળી ફુટશે. અને જે કચકચ ઈસ્રાએલી પુત્રો તમારી સામે કરે છે તે હું બંધ પાડીશ. મુસાએ દેવની આજ્ઞા પ્રમાણે કર્યુ. અને બીજા દિવસે તે મંડપમાં ગયો અને જોયુ તો હારૂનની લાકડી જે લેવીનાં ઘરને સારુ હતી તે ફુટી હતી અને તેને કળીઓ આવી હતો અને ફુલ ખીલ્યા હતા અને પાકી બદામો લાગી હતી. મુસા દરેક લાકડી લોકો સમક્ષ લાવ્યો અને તેઓ આશ્ચર્ય પામ્યા. અને હારૂનની લાકડીને સાક્ષ્ય મંડપમાં કરારકોષ પાસે મુકવામાં આવી એ સારુ કે, તે લાકડી વિદ્રોહીઓને માટે ચિહન રૂપ થાય. તે દિવસથી માંડીને લોકો મુલાકાત મંડપ પાસે જતાં બાતા કેમકે, તેઓને માર્યા જવાનો ભય લાગતો.

આ ઘટના તે મહત્વ દર્શાવે છે કે, દેવ માત્ર આત્મિક અધિકારીઓ નીમે છે. જો કોઈ વ્યકિત પોતાની જાતને અધિકારી દર્શાવે તો તેનો અર્થ એવો નથી કે તેઓ દેવ તરફથી નિમાયેલા છે. અહિ બીજી સચ્ચાઈ એ છે કે, જે અધિકાર ઈશ્વર તરફથી છે તેની સામ વિદ્રોહ કરનારાઓને પરિણામ ભોગવવું પડે છે.

આ પાઠનું પુનરાવર્તન કરતા નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો.

પ્ર.૧ કોરાહ અને તેની સાથેનાં લોકોની મુસા વિરૂધ્ધની ફરીયાદ કઈ હતી ?

(જ) ( ૫ સેકંડ થોભો) જો તમારો ઉત્તર છે કે, "દેવ તો અમારી સાથે પણ છે તો પણ તુ અમારો અધિપતિ કેમ થયો છે ? "– તો તમે સાચા છો.

પ્ર.૨ મુસાનો આ પડકાર સામે શો પ્રત્યાઘાત હતો ?

(જ) ( ૫ સેકંડ થોભો) જો તમારો ઉત્તર છે કે, "દેવ પોતે પસંદ કરશે કે કોને તે આ લાકોને દોરવા સારુ પસંદ કરે છે." – તો તમે સાચા છો.

પ્ર.૩ જે અધિકારીઓએ વિદ્રોહ કર્યો તેને દેવ દ્વારા કઈ શિક્ષા થઈ ?

(જ) ( ૫ સેકંડ થોભો) જો તમારો ઉત્તર છે કે, "ધરતીએ પોતાનું મુખ ઉઘાડયું અને તે અધિકારીઓ અને તેમનાં કુટુંબોને પૃથ્વી ગળી ગઈ"– તો તમે સાચા છો.

પ્ર.૪ ઈસ્રાએલનાં લોકોમાં યાજક પદ કોણ બજાવશે તે બાબતે દેવે કઈ ઘટના થકી બતાવ્યુ ?

(જ) ( ૫ સેકંડ થોભો) જો તમારો ઉત્તર છે કે, ''દેવે એમ કર્યુ કે, હારૂનની લાકડી ફુટી હતી તેને કળીઓ આવી હતી ને ફુલ ખીલ્યા હતા. વળી તેને બદામો પણ લાગી હતી.''- તો તમે સાચા છો.

તમારા મિત્રને આ વાત જણાવો. અને વિચારો કે આ ઘટના દવારા આપણે ખરેખર શું શીખી શકીએ છીએ કે, આજનાં મંડળીનાં અધિકારીઓ કોના દ્વારા પસંદ કરેલા છે ? આ બાબતે વિચાર વિમર્શ કરો.

આ અભ્યાસને તમે ત્રણ વખત સાંભળો તે તમારૂ ગૃહકાર્ય છે. તમારા મનથી દરેક પ્રસંગો વિચારો ત્યાર બાદ જે તમને યાદ રહયુ તે તમારા શબ્દોમાં વર્ણવો. આ ઘટનાઓ અને બનાવોને સાચી રીતે બીજાને કહી શકો ત્યાં સુધી બરાબર સાંભળો. લગભગ ૪૫ મિનિટ સુધી આ સાંભળવાનું ચાલુ રાખો. તમે કોઈક વ્યકિતને આ બાબત કહી શકવા માટે બીજા વ્યકિતની તમને જરૂરત પડશે. પુનરાવર્તનનાં પ્રશ્નો તમારા મિત્રોને પુછો અને સાંભળ્યા પછી તેમના જવાબો આપો.